ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૫માં રોજ સાડા દસ કરોડ લિટર પાણી જોઈશે

વર્ષ ૨૦૧૫માં શહેરમાં પાણીનો વપરાશ ૨૫ એમ.એલ.ડી. વધશે

ગાંધીનગર, તા.૮

આકરી ગરમીના દિવસોમાં શહેરીજનો રોજનું ૮ કરોડ લિટર પાણી વાપરે છે. જ્યારે અગાઉ થયેલા એક સર્વેના અભ્યાસ મુજબ વર્ષ ૨૦૧૫ સુધીમાં

શહેરમાં રોજ ૧૦.૫૦ કરોડ લીટર પાણીનો વપરાશ થશે. જો કે પાણીની જરૂરિયાત સંતોષવા તંત્ર એ આગોતરું આયોજન કરી દીધું હોવાનું પણ મનાઈ રહ્યું છે. પરંતુ પાણીના વધતા વપરાશ સાથે તેનો બગાડ થતો અટકે તે માટે પણ જનજાગૃતિ અનિવાર્ય છે.

સમગ્ર દેશમાં ગાંધીનગરમાં માથાદીઠ પાણીનો વપરાશ વધુ હોવાનું સર્વેના અંતે ધ્યાને આવ્યું છે. ગાંધીનગરાઓ છૂટથી પાણી ઉપયોગમાં લેવા ટેવાયેલા છે. શહેરમાં ગરમીના દિવસોમાં રોજ ૫૫ એમ.એલ.ડી. પાણી વપરાય છે. અલબત્ત ૮ કરોડ લીટર પાણી ઉપયોગમાં લેવાય છે. ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી. હાલ સરકારને પ્રતિ ૧ હજાર લીટર પાણી માટે રૂ. ૩.૨૦નો ખર્ચ વસુલે છે. જ્યારે પાણીનો વહીવટ કોર્પોરેશન હસ્તક જાય તો આ ખર્ચ બેવડાય તેવી સ્થિતિ છે. હાલ શહેરની વસતી અને વિકાસ મુજબ પાણીની જરૂરીયાત સંતોષવા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા માટે પણ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન અંદાજિત રૂ. ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ત્યારે શહેરમાં પાણીનો વપરાશ હજુ આગામી બે વર્ષમાં પ્રતિ દીન ૨૫ એમ.એલ.ડી. વધે તેવી સંભાવના છે. અલબત્ત પ્રતિદીન ૮ કરોડ લીટરના બદલે ૧૦.૫૦ કરોડ લીટર પાણીની જરૂરિયાત સંતોષવા તંત્રએ સજ્જ બનવું પડે તેવી સ્થિતિ છે. અગાઉ હાથ ધરાયેલ અભ્યાસ મુજબ વર્ષ ૨૦૧૫ સુધીમાં શહેરમાં રોજ ૫૫ એમ.એલ.ડી.ના બદલે ૮૦ એમ.એલ.ડી. પાણી વપરાશે !!!

લાયસન્સ માંગતા બાઈક ચાલકે પોલીસને ખખડાવી નાંખી..!

કોઈ લાયસન્સ રાખતુ નથી કહીને ઝપાઝપી કરનાર સે. ૭ના બાઈકચાલક વિરૂદ્ધ પોલીસની કામગીરીમાં રૂકાવટનો ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૮

પાટનગરમાં તાજેતરમાં ઘરફોડ ચોરી, ચેઈન સ્નેચીંગ અને ચિલઝડપના ગુનાઓ વધુ બનતા પોલીસે સઘન વાહનચેકીંગ તપાસ પ્રવેશદ્વારો પર શરૂ કરી દીધુ છે. જે અંતર્ગત આજે સવારે પોલીસે વાહનચેકીંગ દરમ્યાન ઘ-૦ સર્કલ પર એક બાઈકચાલક પાસેથી લાયસન્સ માંગ્યું તેમાં બાઈકચાલકે હોબાળો કરી મુક્યો હતો અને પોલીસને જેમ ફાવે તેમ બોલીને માથાકુટ કરી સામાન્ય ઝપાઝપી કરતાં પોલીસે કામગીરીમાં રૂકાવટ કરવા બદલ તેના વિરૂદ્ધમાં ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના પ્રવેશદ્વાર ઘ-૦ સર્કલ પાસે આજે સઘન વાહનચેકીંગ ચાલી રહ્યું હતું તે દરમ્યાન એક બાઈકચાલકને પોલીસે ઉભો રાખી તેની પાસે લાયસન્સ અને બાઈકની આર.સી.બુક સહીતના કાગળો માંગ્યા હતા. બાઈકચાલક સે. ૭-સીનો રહેવાસી પુનિત જીતેન્દ્રભાઈ દવે ઉશ્કેરાઈ જઈને પોલીસ કોન્સ્ટેબલ અરવિંદકુમાર ચંદુલાલ પર લાયસન્સ માંગતાની સાથે જ ઉકળી ઉઠ્યો હતો. કોઈ લાયસન્સ રાખતુ નથી તેમ કહીને માથાકુટ શરૂ કરી દેતા પોલીસે લાયસન્સ ન હોવાથી બાઈક રિટેઈન કરવા બાઈકની ચાવી બહાર કાઢી પોલીસનો હાથ પકડી લઈને બોલાચાલી શરૂ કરી હતી. બન્ને વચ્ચે ઝપાઝપી થવા પામી હતી. સે. ૭ પોલીસે સરકારી કામકાજમાં રૂકાવટ કરવા બદલ બાઈકચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

બિનઆરોગ્યપ્રદ ૧૭ કિલો ખાદ્યસામગ્રીનો નાશ કરાયો

સે.૧૨/૧૩ ચોકડી, ગ-૩ અને વાવોલ માર્ગ પરની લારીઓ પર તપાસ હાથ ધરી ખરાબ ફુટ અને બરફનો નાશ કર્યો

ગાંધીનગર, તા. ૮

શહેરના લારી-ગલ્લાઓમાં વેચાણ થતી બિન આરોગ્યપ્રદ ખાદ્યસામગ્રીનો નાશ કરવા મહાનગરપાલિકાની ટાસ્કફોર્સની ટીમે આજે વિવિધ પાંચ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ટીમે જ્યુસ સેન્ટર અને નાસ્તાની લારીઓ પરથી ખરાફ ફુટ્સ, બરફ તેમજ પાઉં સહિતની ખાદ્યસામગ્રીનો નાશ કર્યો હતો.

ઉનાળાની ગરમીના દિવસોમાં બજારમાં લારી-ગલ્લા પર વેચાણ થતી ખાદ્યસામગ્રીની ગુણવત્તા સામે પ્રશ્ન મંડરાયો છે. ગરમીના દિવસોમાં રોગચાળાને ઉગતો ડામવા મહાનગરપાલિકાની ટાસ્કફોર્સની ટીમે લારી-ગલ્લાઓ પર ખાદ્યસામગ્રીની ગુણવત્તા ચકાસવા ઝુંબેશ હાથ ધરી છે. મ્યુનિ કમિશનર પાડલીયાની સૂચના અન્વયે ટાસ્ટફોર્સની ટીમે આજે સે. ૧૨/૧૩ની ચોકડી પાસે તેમજ ગ-૩ અને વાવોલ માર્ગ પરના લારીગલ્લાઓમાં તપાસ કરી હતી. આ દરમિયાન સેનેટરી સબ ઈન્સ્પેક્ટર જે.કે. માંડવીયા, કાનજી રબારી, અરવીરા અજમેરીએ બજરંગ જ્યુસ સેન્ટર માંથી ખરાબ મોસંબી, દ્રાક્ષ, અનાનસ તેમજ કેરી સહિતના ૫ કીલો ફ્રૂટોનો નાશ કર્યો હતો જ્યારે અન્ય એક ફુટની લારી પરથી કેરી, ટેટી, નાળીયેર અને કેળા સહિત ૬ કીલો ફુટનો નાશ કર્યો હતો. આ દરમિયાન શિવશક્તિ વડાપાઉંની દાબેલીની લારીઓમાંથી પણ પાઉંની ગુણવત્તા યોગ્ય ન જણાતા ખાદ્યસામગ્રીનો નાશ કરાયો હતો. પાણીપુરીની લારી પરથી ૩ કિલો બટાટા તેમજ ડીસગોળાનું વેચાણ કરતા લારીધારક પાસેથી પણ ૩ કિલો બરફનો તંત્રની ટીમે નાશ કર્યો હતો. આ તબક્કે પ્લાસ્ટીકની બેગો પણ તંત્રની ટીમે જપ્ત કરી હતી.

બેફામ દોડતા વાહનોને કાબુમાં લેવા ટ્રાફીક પોલીસની 'ગન' તૈયાર

સ્પીડ ચેક ગનથી પોલીસ ગતિ મર્યાદાનો ભંગ કરતાં વાહન ચાલકોને પકડી-પકડીને સ્થળ પર દંડ ફટકારશે : પાટનગરમાં ૪૦ની ગતિ મર્યાદિત છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક બન્યું છે જેનું મુખ્ય કારણ વાહનચાલકો દ્વારા કરવામાં આવતું ગતિ મર્યાદાનું ઉલ્લંઘન છે. પહેલા ગાંધીનગર ટ્રાફીક પોલીસ પાસે માર્ગો પર દોડતા વાહનોની ગતિ માપવા માટે કોઈ સાધન ન હતા. હવે બે સ્પીડ ચેક ગન ટ્રાફીક પોલીસને ફાળવવામાં આવી હોવાથી શહેરના માર્ગો પર કોઈ પણ સમયે પોલીસ 'ગન' દ્વારા વાહનની ગતિ ચકાસીને તેને ઉભી રખાવી વાહનચાલકને સ્થળ પર દંડ ફટકારી શકાશે. આજથી પાટનગરના માર્ગો પર સ્પીડ ચેક ગનનો ઉપયોગ શરૂ કરી ગતિ મર્યાદાનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોને પકડી દંડ ફટકારવાનું કામ જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા સરૂ કરી દેવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં માત્ર ૪૦ની જ ગતિ મર્યાદિત રાખવામાં આવી છે. ૪૦ની સ્પીડથી વધુ સ્પીડમાં જે વાહનો દોડે છે તે તમામ નિયમ વિરૂદ્ધ ગતિમર્યાદાનો ભંગ કરીને કાયદાની એસી કી તેસી કરે છે. જો કે ગાંધીનગરના પહોળા રસ્તાઓમાં વાહનચાલકો વળાંક પણ ૪૦ની સ્પીડે વળે છે તેમ કહીએ તો જરાય અતિશયયોક્તી નથી. ગતિ મર્યાદાનું બેફામ થતુ ઉલ્લંગન અટકાવવા અને માર્ગ અકસ્માતોના બનાવોને નિયંત્રિત કરવા હવે ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસ સજ્જ થઈ ગઈ છે. ટ્રાફિક પોલીસને બે સ્પીડ ચેક ગન ફાળવવામાં આવતા આજથી તેનો ઉપયોગ શરૂ કરી દેવામાં આવ્યો છે. હવે ગાંધીનગરના માર્ગો પર બેફામ ગતિએ જતાં વાહનોને સામેથી આવતી વખતે જ તેની ગતિ માપીને દર્શાવી દેતી 'ગન'નો ઉપયોગ કરીને ગતિ મર્યાદાનો ભંગ કરનાર તમામ વાહનચાલકોને પકડી સ્થળ પર દંડ વસુલાત કરી કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતે જણાવ્યું છે.

નિકાલ હેઠળના ૧૮૨ મકાનો ખાલી કરાવવા તંત્રની કવાયત

યોમાસા પૂર્વે મકાનો ખાલી કરાવી દેવા તંત્ર કામે લાગ્યું એરફોર્સ અને પોલીસના કર્મચારીઓ મકાન ખાલી કરતા નથી !

ગાંધીનગર, તા. ૮

શહેરમાં નિકાલ હેઠળના ૧૮૪૪ મકાનો આગામી ચોમાસા પૂર્વે તોડી પાડવાનો નિર્ણય લેવાયા બાદ હાલ તંત્રએ આ મકાનો ખાલી કરાવવા અભિયાન હાથ ધર્યું છે. હાલ આ પૈકીના ૧૭૨ મકાનોમાં વસવાટ હોવાથી તંત્ર કક્ષાએથી આ જોખમી આવાસોનો કબજો પરત મેળવવા કવાયત શરૂ કરી દેવાઈ છે.

શહેરમાં વિવિધ સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના ૧૬,૩૦૦ મકાનો પૈકી વર્ષ-૨૦૦૫ દરમિયાન ૧૯૦૪ મકાનો સરકાર નિકાલ હેઠળના સરવે કરાયા હતા પરંતુ દિનપ્રતિદીન ખંડેર બનતા સરકારી આવાસો પૈકી નિકાલ

● અનુસંધાન પાન-૭ પર

કર્ણાટકના વિજયને વધાવવા શહેર-જિલ્લા દ્વારા આતશબાજીના કાર્યક્રમો

ગાંધીનગર, તા.૮

કર્ણાટકમાં કોંગ્રેસના થયેલા વિજયને આજે શહેર કોંગ્રેસ સમિતિએ અને જિલ્લા સમિતિએ બે અલગ અલગ કાર્યક્રમો યોજી વધાવ્યો હતો.

જિલ્લા પંચાયત ખાતે જિલ્લા સમિતિના પ્રમુખશ્રી જશુભા રાણા, પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન દિલીપભાઈ પટેલ, પ્રવકતા શ્રી સૂર્યસિંહ ડાભી તેમજ પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનો અને સદસ્યોની હાજરીમાં આતશબાજીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શ્રી જશુભા રાણા અને શ્રીમતિ મંગીબેન પટેલે જણાવ્યું હતું કે કર્ણાટકના આ વિજયે નવો રાહ ચિંધ્યો છે એટલું જ નહિ પણ આગામી લોકસભાની ચૂંટણીના શ્રી ગણેશ આ ચૂંટણીથી થયા છે.

શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે સાંજે ૫.૩૦ કલાકે ઘ-૩ સર્કલ નજીક વિજયના વધામણાં રૂપે આતશબાજીનો કાર્યક્રમ શહેર પ્રમુખશ્રી મુકેશ પટેલ તથા પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસની આગેવાની હેઠળ યોજાયો હતો.

કર્ણાટક રાજય કે જે ભારતમાં સૌથી વધુ ટેકનોક્રન્ટ અને આઈટી હબ લોકોની વસ્તી ધરાવતું રાજય છે તેવા રાજયના સમજુ અને શાણા તેમજ શિક્ષિત લોકોએ કોંગ્રેસને ભવ્ય વિજય અપાવી આ ભારત દેશની સમસ્ત જનતાને બે સંદેશા આપ્યા છે. એક સંદેશ ચાવવાના દાંત જુદા અને દેખાડવાના દાંત જુદા જેવી બેધારી અને દંભી ભારતીય જનતા પાર્ટીને ઓળખી કાઢી છે. અને બીજો સંદેશ કોંગ્રેસ હાઈકમાન્ડે રાહુલ ગાંધીને ઉપાધ્યક્ષ બનાવવાની સાથે જ આ દેશની પ્રજાએ પોતાની નહેરૂ ગાંધી પરિવાર પ્રત્યેની અતૂટ શ્રધ્ધા અને આશાના દર્શન કરાવ્યા છે.

આ કાર્યક્રમમાં શ્રી મુકેશ પટેલ, મિનીશ શાહ, ડૉ. હિમાંશુ પટેલ, ચિમનભાઈ વિંજુડા, નિશીત વ્યાસ, શ્રી કે.પી. સોલંકી મહામંત્રી, શ્રી વિજય સોલંકી, સંગઠન મંત્રી શ્રી મહેશ ઝાલા, અકીબ પઠાણ, અનિતા સોલંકી, કે.પી. પરમાર, પી.ઓ. પટેલ, શ્રી કનુભાઈ શાહ, હરેશ પટેલ, કેશરીસિંહજી બિહોલા, તેજાભાઈ દેસાઈ, શ્રી સી.એમ. વર્મા, શ્રી કનુભાઈ પરમાર, કોર્પોરેટરશ્રીઓ તથા કોંગ્રેસના આગેવાનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવેલ તેમ મહામંત્રીશ્રી કે.પી. સોલંકીએ જણાવેલ છે.

સ્વર્ણિમ પાર્કમાં રોજ ૧૦ લાખ લીટર પાણીનો વપરાશ

સ્વર્ણિમ પાર્કની હરિયાળી બરકરાર રાખવા ૧૦ લાખ લિટર પાણી સપ્લાય કરવામાં આવે છે : ગરમીના દિવસોમાં પાર્કની જાળવણી માટે પાણીનો સપ્લાય વધારી દેવાયો

ગાંધીનગર, તા. ૮

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કને હરિયાળી રાખવા રોજ ૧૦ લાખ લીટર પાણી સપ્લાય કરવામાં આવે છે. આકરી ગરમીના લીધે પાર્કને તાજો રાખવા પાણીની જરૂરીયાત પણ બેવડાઈ ગઈ છે.

આકરી ગરમીના દિવસોમાં શહેરમાં પાણીની જરૂરીયાત સ્વાભાવિક રીતે જ વધી જાય છે. સેક્ટરોમાં સપ્લાય થતા પાણી પુરવઠાની સાથે શહેરના ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા પણ તંત્ર દ્વારા અલાયદુ આયોજન કરવામાં આવે છે. શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા વિશાળ સ્વર્ણિમ પાર્કમાં લાખોના ખર્ચે હરિયાળી લોન ઉછેરવામાં આવી છે. આ ઉપરાંત આકર્ષક પ્લાન્ટેશન પણ કરવામાં આવ્યું છે. અસહ્ય ગરમીમાં સ્વર્ણિમ પાર્કની હરિયાળી કરમાઈ ન જાય તે માટે પાણીનો સપ્લાય પણ બેવડાઈ દેવાયો છે. સામાન્ય દિવસોમાં સ્વર્ણિમ પાર્કમાં એક એમ.એલ.ડી. પાણી પુરૂ પાડવામાં આવે છે. જ્યારે હાલ ગરમીમાં સ્વર્ણિમ પાર્કને ઉજ્જડ બનતો અટકાવવા રોજ ૧૦ લાખ લીટર પાણી પહોંચતું કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સરગાસણમાં દુષિત પાણીને શુદ્ધ કરવાનો પ્લાન્ટ તૈયાર થઈ ગયો છે. જેના આધારે પ્રથમ તબક્કામાં સ્વર્ણિમ પાર્કને પાણી પુરૂ પાડવામાં આવનાર છે પરંતુ હાલની સ્થિતિએ આ વ્યવસ્થા ગોઠવાઈ હોવાથી ગ્રામટેકનોલોજીના બોરમાંથી પાર્કને પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહનું ૧૩મીએ પરિણામ

૧૮મેના રોજ વિદ્યાર્થીઓની માર્કશીટનું વિતરણ : તમામ વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ, ટોલ ફ્રી નંબર તેમજ એસએમએસ દ્વારા પોતાનું પરીણામ હાંસલ કરી શકશે

અમદાવાદ, તા.૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરીણામ ૧૩મે ૨૦૧૩ના રોજ બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવશે. વિદ્યાર્થીએ બોર્ડની વેબસાઈટ, ટોલ ફ્રી નંબર અને એસએમએસ દ્વારા પોતાનું પરીણામ જાણી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યનાં શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષાનું પરીણામ ૧૩મે ના રોજ જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ શિક્ષણ બોર્ડની વેબસાઈટ www. gseb.org, www.gipl.net. અને www. indiaresult.com પરથી ધોરણ-૧૨ સાયન્સનું પરીણામ ૧૩મે ૨૦૧૩ના રોજ સવારે ૯:૩૦ કલાકથી જાણી શકાશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનમાં એસએમએસ દ્વારા પરીણામ જાણી શકાશે. જેના માટે વિદ્યાર્થીઓ પોતાના મોબાઈલ ઉપરથી (ઝ્ઝ્જ્ઝ- પોતાનો સીટ નંબર) ટાઈપ કરીને ૫૦૧૧૧ ઉપર એસએમએસ કરીને પોતાનું પરીણામ જાણી શકશો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ બોર્ડના નંબર ૦૭૯-૨૬૮૫૧૪૨૨ અને ૦૭૯-૩૦૫૧૬૦૬૨ અથવા ગુજરાત કોલ સેન્ટરનાં ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦ ઉપરથી પોતાનું પરીણામ જાણી શકશે. ૧૬મે ના રોજ શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સનું પરીણામ વેબસાઈટ ઉપર અપલોડ કર્યા બાદ ૧૮મે ના રોજ વિદ્યાર્થીઓની માર્કશીટનું વિતરણ કરવામાં આવશે. જેનાં માટે રાજ્યની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો ૧૮મે ના રોજ સવારના ૯:૩૦ કલાકથી સાંજના ૪:૩૦ કલાક સુધી જિલ્લાના નિયત કરેલા વિતરણ સુધી મેળવી શકશે. પોતાના શાળાના વિદ્યાર્થીઓની માર્કશીટ મેળવવા માટે આચાર્યો અધિકાર પત્ર આપીને શાળાના પ્રતિનિધીને પણ મોકલી શકશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓ પોતાની શાળામાંથી ધોરણ-૧૨ સાયન્સની માર્કશીટ મેળવી શકશે.

WANTED PRINCIPAL

Trinity English Medium School, Talod

Qualification : M.A., M.Sc., M.Com., B.Ed., Experience Principal will be Prefered and attractive salary will be given to selected condidate. Apply with Full Bio Data before 16th May-2013

Trustee
Eklavya Education & Charitable Trust
Trinity Education Campus, Modasa Road, Talod, Dist. Sabarkantha-383215

સુધારો

કોર્પોરેશન બેંકની તારીખ ૨/૫/૧૩ને ગુરૂવારના રોજ ગાંધીનગર સમાચારમાં છેલ્લા પાને છપાયેલ જાહેર ખબર જાહેર હરાજી / ટેન્ડર નોટીસમાં વાહન ચકાસણીની તારીખ શરતચૂકથી તા. ૨૨/૪/૧૩ છપાયેલ છે. તેની જગ્યાએ ૧૫/૫/૧૩ વાંચવું

કોર્પોરેશન બેંક
ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383/82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com